ફોજદારી કેસ નંબરઃ.65490-2023

આક ૧ લગત હુકમ

આ કામના આરોપી વિરૂદ્ધ પ્રોહી એકટની કલમઃ૬૫(એ) (એ,૧૧૬(બી)મુજબના ગુનાનુ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે જે કામે આરોપી હાજર થતા સદરહૂ ગુન્હો કબુલ કરી પ્રથમ ગુન્હો હોવાનુ તથા ગરીબ કુટુબકબીલાવાળા માણસ હોવાનુ જણાવે છે અને ભવિષ્યમાં આવો કે આવા પ્રકારનો ગુન્હો ન કરવાની કોર્ટને બાંહેધરી અને ખાત્રી આપે છે અને આરોપી દ્વારા જણાવવામા આવેલ છે '' હવેથી હુ દારૂ કે અન્ય કેફી પદાર્થ નહી વેચુ તેમજ જાહેર સ્થળ પર કે અન્ય સ્થળ પર ફરી આ મુજબનો ગુનો હુ નહી કરુ, અને તે ખાત્રી આપુ છુ, વધુમાં આપ સાહેબને હુ જાહેર કરૂ છુ કે અગાઉ મે આ મુજબના ગુનામાં સંડોવાયેલ નથી તેમજ અગાઉ મને આ મુજબ ના ગુનામાં સજા કરવામાં આવેલ નથી" વધુમાં આરોપીને સજા અંગેની જોગવાઈની સમજ આપવામાં આવેલ છે. ત્યારબાદ પણ આરોપી સદર ગુન્હો કબુલ કરતા હોય, આરોપીની કબુલાત સ્વૈચ્છીક જણાઈ આવે છે તે ઉપરાંત કેસના સંજોગો ધ્યાને લેતા અને સજાની જોગવાઈ અંગેના નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫ જી.એલ.આર. પાના નં.૭૦૯ ઉપર પ્રકાશીત ચુકાદાના માર્ગદર્શક સિદ્ધાંતોને ધ્યાનમાં લેતા, આરોપીને ઓછી સજા કરવી ન્યાયોચીત જણાય છે. અને આરોપીને સુધરવાની તક મળે તે હેતુથી અને કેસના સંજોગોને ધ્યાનમાં લઈ ન્યાયના હિતમાં નિચે મુજબનો આખરી હુકમ કરૂ છુ.

**– હુ ક મ –**

૧. આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો.કલમઃ૨૪૧ અન્વયે પ્રોહી એકટની કલમઃ૬૫(એ) (એ, ૧૧૬(બી) મુજબના ગુનામાં કસુરવાર ઠરાવી, સદરહૂ ગુન્હો કરવા બદલ મજકૂર આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા દંડ રૂા.**૫૦૦/– (અંકે રૂપીયા પાંચસો)** નો ફરમાવવામાં આવે છે, જો દંડ ન ભરે તો તેને વધુ દિવસ **બે** ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

૨. બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.આ કામે કબજે કરેલ મુદ્દામાલ અગાઊ કરેલ વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે. અન્યથા કબજે કરેલ મુદ્દામાલ અનુસંધાને ક્રિમીનલ મેન્યુઅલ મુજબ કાર્યવાહી કરવી.

આ હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગ અન્વયે ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

મુકામઃઅમદાવાદ.

તા.૦૯/૦૯/૨૦૨૩.

(દેવાંગ ચંદ્રવદન રાવલ)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, અમદાવાદ
કોર્ટ નંબર–૦૯.

**Unique Code No. GJO**1209.